# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

NAAC Re-Accreditation CGPA 3.11 Grade - 'A'

Website: www.spuvvn.edu

Phone no. 02692-226807


## પરીપત્ર

## બી.એડ્. અભ્યાસક્રમ માટેની પ્રવેશ પ્રક્રિયા માટે બીજા તબક્કાનું શિડ્યુલ

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ની બી.એડ્. અભ્યાસક્રમની બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબની તારીખો દરમ્યાન થશે. જેના માટે જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય તેવાં વિદ્યાર્થીઓ GCAS **https://gcas.gujgov.edu.in/** પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઇન ફોર્મ ભરી બી.એડ્. કોલેજો/યુનિવર્સિટી વેરિફિકેશન સેન્ટર ખાતે વેરિફિકેશન કરાવવાનું રહેશે.

**નોંધ :** ૧. બી.એડ્. અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીએ GCAS પોર્ટલ **https://gcas.gujgov.edu.in/** પર **(B.Ed.)** પસંદ કરી રજીસ્ટ્રેશન કરાવી ફોર્મ ભરવાનું રહેશે.

| પ્રવેશનો તબક્કો | તારીખ | અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|
| રજીસ્ટ્રેશન રાઉન્ડ ૨ | ૧૯/૦૬/૨૦૨૫ થી ૦૧/૦૭/૨૦૨૫ | ૧. ક્વિક રજીસ્ટ્રેશન,રજીસ્ટ્રેશન ફી, પ્રોફાઇલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ- મુખ્ય વિષયની પસંદગી કરવી.<br>૨. ઓનલાઇન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી. |
| વેરીફીકેશન રાઉન્ડ - ૧ માં સબમિટ કરેલ અરજીની વિગતમાં સુધારણા માટે | ૦૨/૦૭/૨૦૨૫ થી ૦૩/૦૭/૨૦૨૫ | જે વિદ્યાર્થીઓએ પ્રવેશના તબક્કા-૧ માં,<br>૧. અગાઉના પ્રવેશના રાઉન્ડ - ૧ થી ૪ માં યુનિવર્સિટી/કોલેજ ખાતે કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ્દ કરાવેલ છે.<br>૨. તેમનો પ્રવેશ ઓનલાઇન અરજીમાં ક્ષતિને કારણે યુનિવર્સિટી/કોલેજ દ્વારા રદ્દ કરવામાં આવેલ છે.<br>૩. તેઓ પ્રવેશના તબક્કા - ૨ માં ભાગ લેવાં માટે તેમની યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયની ચોઇસ બદલવા ઇચ્છે છે;<br>તો તેઓ આ સમયગાળામાં બદલી શકશે.<br>આ વિદ્યાર્થીઓ પ્રવેશના તબક્કા- ૨ માં પ્રવેશ રાઉન્ડ-૫ થી પ્રવેશ માટે ધ્યાને લેવામાં આવશે.<br>ખાસ નોંધ: આવા વિદ્યાર્થીઓએ તેમની અરજી યુનિવર્સિટી/બી.એડ્. કોલેજોના વેરીફીકેશન સેન્ટર પર વેરીફાઇ કરાવવાની રહેશે. |
| વેરીફીકેશન રાઉન્ડ-૨ (રજીસ્ટ્રેશન રાઉન્ડ- ૨ ને સમાંતર) | ૧૯/૦૬/૨૦૨૫ થી ૦૪/૦૭/૨૦૨૫ | GCAS પોર્ટલ પર સબમિટ કરેલ ઓનલાઇન અરજી તથા અસલ પ્રમાણપત્રોનું વેરીફીકેશન યુનિવર્સિટી/ બી.એડ્. કોલેજોના વેરીફીકેશન સેન્ટર પર કરાવવું.<br>નોંધ: જે વિદ્યાર્થીઓએ પ્રવેશ તબક્કા - ૧ માં અરજી સબમિટ કરી છે પરંતુ વેરીફાઇ કરાવેલ નથી તેઓ આ સમયગાળામાં તેમની અરજી વેરીફાઇ કરાવી શકશે. પરંતુ |

| | | |
|---|---|---|
| | | તેઓને પ્રવેશના તબક્કા - ૨ માં પ્રવેશ માટે માન્ય કરવામાં આવશે. |
| ટેકનીકલ પ્રોસેસ | ૦૫/૦૭/૨૦૨૫ થી ૦૭/૦૭/૨૦૨૫ | --- |
| પ્રવેશ રાઉન્ડ-૫ | ૦૮/૦૭/૨૦૨૫ થી ૦૯/૦૭/૨૦૨૫ | ૧. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ-ઇન કરી સંબંધિત યુનિવર્સિટી/કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>૨. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી-કોલેજ -પ્રોગ્રામ-મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર OTP થી કન્ફર્મ કરવી.<br>૩. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત યુનિવર્સિટી-કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું.<br>૪. યુનિવર્સિટી-કોલેજ ખાતે નિયમાનુસાર ફી ભરવી અને OTP થી પ્રવેશ કન્ફર્મ કરવો. |
| ટેકનીકલ પ્રોસેસ | ૧૦/૦૭/૨૦૨૫ | --- |
| પ્રવેશ રાઉન્ડ-૬ | ૧૧/૦૭/૨૦૨૫ થી ૧૨/૦૭/૨૦૨૫ | પ્રવેશ રાઉન્ડ-૫ મુજબ |
| ટેકનીકલ પ્રોસેસ | ૧૪/૦૭/૨૦૨૫ | --- |
| પ્રવેશ રાઉન્ડ-૭ | ૧૫/૦૭/૨૦૨૫ થી ૧૬/૦૭/૨૦૨૫ | પ્રવેશ રાઉન્ડ-૫ મુજબ |
| ટેકનીકલ પ્રોસેસ | ૧૭/૦૭/૨૦૨૫ | --- |
| પ્રવેશનો અંતિમ રાઉન્ડ | ૧૮/૦૭/૨૦૨૫ થી ૧૯/૦૭/૨૦૨૫ | પ્રવેશ રાઉન્ડ-૫ મુજબ |

નોંધ:

૧. જે વિદ્યાર્થીઓએ પ્રવેશના તબક્કા - ૧ માં (તા.૨૯/૦૫/૨૦૨૫ થી ૧૦/૦૬/૨૦૨૫ સુધીમાં) ઓનલાઇન અરજી સબમિટ કરે છે પરંતુ વેરીફાઇ કરાવતા નથી કે વેરીફાઇ કરાવવાની રહી જાય છે તે વિદ્યાર્થીઓ પ્રવેશના દ્વિતીય તબક્કામાં તેમની ઓનલાઇન અરજી વેરીફાઇ કરાવી શકશે. પરંતુ આ વિદ્યાર્થીઓની અરજી પ્રવેશના તબક્કા - ૨ ના રાઉન્ડ - ૫ થી પ્રવેશ માટે ધ્યાને લેવામાં આવશે.

૨. જે વિદ્યાર્થીઓએ પ્રવેશના તબક્કા - ૧ માં યુનિવર્સિટી - કોલેજ ખાતે કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ્દ કરાવેલ છે તેઓ પ્રવેશના તબક્કા - ૨ માં તેમની પ્રવેશના તબક્કા - ૧ ની અરજીના આધારે ભાગ લઇ શકશે. તેમણે પ્રવેશના તબક્કા - ૨ માં નવી અરજી કરવાની રહેશે નહી.

૩. વિદ્યાર્થીઓને પ્રવેશના તબક્કા - ૨ માં ઓનલાઇન અરજી દરમિયાન પસંદ કરેલ યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષય અન્વયે જણાવવામાં આવે છે કે તેમણે પસંદ કરેલ યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયની ચોઇસ શરતી છે. જો પ્રવેશના તબક્કા - ૧ (પ્રવેશ રાઉન્ડ - ૧ થી ૪) માં થયેલ પ્રવેશ બાદ સીટ ખાલી (વેકેન્ટ) રહેશે તો તે ખાલી (વેકેન્ટ) રહેતી જગ્યાઓમાં સંબંધિત યુનિવર્સિટી-કોલેજના મેરીટના નિયમોને આધિન વિદ્યાર્થીએ ચોઇસ કરેલ ખાલી (વેકેન્ટ) જગ્યા પર પ્રવેશના તબક્કા - ૨ માં (પ્રવેશ રાઉન્ડ - ૫ થી ૮ માં) પ્રવેશ મળવાપાત્ર રહેશે.

૪. વધુમાં, વિદ્યાર્થીઓને પોતાની શૈક્ષણિક લાયકાતને ધ્યાને લઇને સંબંધિત પ્રોગ્રામમાં અરજી કરવા માટે જે - તે ફોર્મ ટાઇપ પસંદ કરવાનું રહેશે. સંબંધિત પ્રોગ્રામમાં રજીસ્ટ્રેશન માટે કયું ફોર્મ ટાઇપ પસંદ કરવું તેની વિગતો GCAS પોર્ટલના હોમ પેજ પર " News, Updates & Circulars " વિભાગમાં ઉપલબ્ધ છે. રજીસ્ટ્રેશન ફી પરત મળવાપાત્ર નથી જેની ખાસ નોંધ લેવી.

નં.ડી/બી.એડ્./૨૦૨૫/ ૯૬૮૦
વલ્લભ વિદ્યાનગર
તારીખ: ~~૧૯~~ ૨૦/૦૬/૨૦૨૫

કુલસચિવ

નકલ રવાના:

(૧) મેમ્બર સેક્રેટરી, GCAS સેલ, કે.સી.જી., પ્રજ્ઞા પુરમ કેમ્પસ, પી.આર.એલ. સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
(૨) સર્વે સંલગ્ન બી.એડ્. કોલેજોના આચાર્યશ્રી તરફ જાણ તેમજ કાર્યવાહી કરવા સારૂ.
(૩) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી કરવા સારૂ.
(૪) કુલપતિશ્રીના અંગત મદદનીશ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ કરવા સારૂ.